# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4366 તારીખ: 29/6/19

રજી. એડી. પત્ર

પ્રતિ,

વિજયભાઈ લક્ષ્મણભાઈ ગોરાસવા

ઇન્દિરા નગર, મફતિયા પરા, રેયારોડ, રેયા ધાર, ,

મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ -360007,

મોબાઈલ : ૯૬૦૧૬૮૫૫૧૩

વિષય : સરકાર શ્રી ની માફી યોજના અન્વયે નવું જોડાણ મેળવવા બાબત

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૨-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૯/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. જેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કાલાવડ રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ**/૩૯/ક્વા-૧/૨૦૧૯-૨૦/ **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૯/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: વિજયભાઈ લક્ષ્મણભાઈ ગોરાસવા ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે કનુબેન વિજયભાઈ ગોરસવા તથા શારદાબેન હરસુખભાઈ ગોરસવા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એચ. બી. પરમાર - રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૫-૦૬-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Rajkot

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર વિજયભાઈ લક્ષ્મણભાઈ ગોરાસવા, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોધણી નંબર :૩૯/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.–૩૯૯૦૬/૦૦૦૯૫/૩ થી ધરાવતા હતા. સદર વીજજોડાણમાં ઘરની પરીસ્થિતી અત્યંત ખરાબ હોવાથી વીજબીલ ની રકમ બાકી રહેતા – પીજીવીસીએલ દ્વારા વીજજોડાણ કાપી નાખવામા આવેલ હતુ. અરજદાર હાલ બીપીએલ કાર્ડ ધારક હોય – તેમજ પીજીવીસીએલ ના નિયમો થી માહિતગાર ન હોય – તેમજ અશીક્ષીત અને કાયદાથી અજાણ હોય, તેમ છતા અગાઉ રૂ.૫,૦૦૦/– સબંધક પેટા વિભાગીય કચેરીમાં તા.૧૧–૦૪–૧૮ થી ભરપાઈ કરેલ હતા. ગુજરાત રાજય સરકાર દ્વારા – જે વીજબીલ માફી યોજનાનુ પરીપત્ર બહાર પડેલ હોય– તેમા તેઓને સમાવિષ્ટ કરવા વિનંતી સહ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- રૈયારોડ સબડીવીઝનના અરજદારશ્રી વિજયભાઈ લક્ષ્મણભાઈ ગોરસવા રૈયારોડ સબડીવીઝન ના કાર્યક્ષેત્ર હેઠળ ગ્રાહક નંબર-૬૧૬૦૬૦૦૧૩૦૨ થી

તા.૨૩.૦૭.૧૯૯૯ માં સદર વીજ કનેક્શન આપવામાં આવેલ. પરંતુ જે-તે સમયે ગ્રાહક દ્વારા વીજ બીલ ભરપાઈ ન થતા તા.૨૧.૦૭.૨૦૧૨ માં તેઓનુ મીટર ઉતારવામાં આવેલ અને તેઓની સામે દાવો દાખલ કરેલ જેના દાવા નં-૭૯/૨૦૧૪ છે. ત્યાર બાદ ૧૧.૧૨.૨૦૧૫ ના રોજ કોર્ટ માથી હુકમ આવેલ અને તેઓ દ્વારાં રકમ ભરપાઈ ન થતાં ડિક્રી દાખલ કરવામાં આવેલ જેના ડિક્રી નંબર ૧૫૮/૧૬ છે. આમ સદર કેશમાં કોર્ટમાથી હુકમ આવી ગયેલ હોય અને ડિક્રી દાખલ થયેલ હોય માફી યોજના -૨૦૧૭ નો લાભ મળી શકે નહી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૨.૦ તથા ૩.૦ મુજબ ની વિગતે – અરજદારશ્રી વિજયભાઈ લક્ષ્મણભાઈ ગોરસવા રૈયારોડ સબડીવીઝન ના કાર્યક્ષેત્ર હેઠળ ગ્રાહક નંબર-૬૧૬૦૬૦૦૧૩૦૨ થી તા.૨૩.૦૭.૧૯૯૯ માં સદર વીજ કનેક્શન આપવામાં આવેલ - ગ્રાહક દ્વારા વીજ બીલ ભરપાઈ ન થતા તા.૨૧.૦૭.૨૦૧૨ માં તેઓનુ મીટર ઉતારવામાં આવેલ અને તેઓની સામે દાવો દાખલ કરેલ જેના દાવા નં-૭૯/૨૦૧૪ છે. ત્યાર બાદ ૧૧.૧૨.૨૦૧૫ ના રોજ કોર્ટ માથી હુકમ આવેલ અને તેઓ દ્વારાં રકમ ભરપાઈ ન થતાં ડિક્રી દાખલ કરવામાં આવેલ જેના ડિક્રી નંબર ૧૫૮/૧૬ છે.

૪.૨ અરજદાર શ્રી વિજયભાઈ લક્ષ્મણભાઈ ગોરાસવા, ગામ:રાજકોટ ને અપાયેલ બીલની બાકી લેણી રકમ – જે તે સમયગાળા મા ભરપાઈ થયેલ ન હોવાથી દાવો દાખલ કરાયેલ – જેનુ જજમેન્ટ પીજીવીસીએલ પક્ષકાર ની ફેવરમાં આવેલ હોવાથી – જીયુવીએનએલ ના પરીપત્ર નંબર: એકા./સીએફએમ/ એમનેસ્ટીસ્કીમ–૨૦૧૭ /૧૩૩ તા.૦૩–૦૫–૧૮ ના મુદદા નં. (૭) મા જણાવ્યા મુજબ '' In terms of the scheme cases which are already settled either in the court / Lok Adalalt / Mutual Settlement / Schemes in the past will not be eligible to be re open under the scheme…..'' દર્શાવેલ છે, આમ– ભુતકાળ મા આખરી થઈ ગયેલ કોઈપણ કેઈસ ની એમનેસ્ટી –૨૦૧૭ યોજના હેઠળ થઈ શકશે નહી. સદર બાબત ની જાણકારી અરજદાર શ્રી ને સબંધક પેટા વિભાગીય કચેરી ના તા.૧૮–૦૬–૧૯ થી જાણકારી અપાયેલ છે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર ની રજુઆત મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે વીજબીલ માફી અંગે ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. જે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(... પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯